સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS



શ્રી કરમબીર સિંઘ ભારતીય નૌકાદળના નવા વડા બનશે



64મો ફિલ્મફેર એવોર્ડ 2019




World Happiness Report 2019



એન્ટિ સેટેલાઈટ મિસાઈલ સિસ્ટમ વિકસાવનારો ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો



Gandhi & Health @ 150

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[MAR-2019]
[24/03 to 30/03]

# WEEK-13

### CURRENT TOPIC

- Fostering Effective Energy Transition Index 2019
- કઝાખસ્તાનના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી નૂરસુલ્તાન નઝરબાયેવનું રાજીનામું
- સૈન્ય અભ્યાસ મિત્ર શક્તિ–6
- પ્રસિદ્ધ ચિત્રકાર અને લેખક શ્રી હકુ શાહનું નિધન
- શારદા પીઠ કોરિડોર ખોલવા માટે પાકિસ્તાન સહમત
- 'Indian Fiscal Federalism' પુસ્તકનું વિમોચન

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 24 MARCH, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : 24 માર્ચ વિશ્વ ક્ષય (ટી.બી.) દિન




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 માર્ચના રોજ વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- ઈ.સ. 1882ના વર્ષમાં 24 માર્ચના રોજ ડૉ. રોબર્ટ કોચ નામના તબીબે સૌપ્રથમ ક્ષય રોગનાં જંતુઓ શોધી કાઢયા હતા.
- આથી દર વર્ષે 24 માર્ચના રોજ વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ક્ષયનો રોગ બીડી, સિગારેટ, તમાકુ વગેરેના વધુ પડતા સેવનના કારણે થાય છે.
- આ દિવસ ઉજવવાનો હેતુ ક્ષયથી પીડાતા રોગીઓને શોધી તેમને મફત સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવવાનો છે.
- વર્ષ 2019ના વિશ્વ ક્ષય દિનની થીમ 'It's time' છે.


**નોંધ:** (1) ક્ષય રોગને અંગ્રેજીમાં ટૂંકમાં ટી.બી. પણ કહે છે.

(2) ટી.બી.નું પૂરું નામ 'ટ્યુબરક્યુલોસિસ' છે.

(3) ભારત સરકારની વર્ષ 2017ની નવી આરોગ્ય નીતિ અંતર્ગત વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલન કરવાનું સરકારનું લક્ષ્ય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સુશ્રી કારેન ઉહલેનબેક ગણિતનો એબેલ પુરસ્કાર જીતનાર પ્રથમ મહિલા બન્યા



તાજેતરમાં અમેરિકાના મહિલા પ્રોફેસર સુશ્રી કારેન ઉહલેનબેકને વર્ષ 2019નો ગણિતનો એબેલ પુરસ્કાર એનાયત થયો છે.

- આ સાથે જ સુશ્રી કારેન ઉહલેનબેક આ પુરસ્કાર મેળવનાર વિશ્વના પ્રથમ મહિલા બની ગયા છે.

### એબેલ પુરસ્કાર

નોર્વેના ગણિતશાસ્ત્રી શ્રી નિલ્સ હેનરિક એબેલના નામ પરથી નોર્વેની સરકાર દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

- આ પુરસ્કારનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.
- આ પુરસ્કાર 'ગણિતના નોબેલ' તરીકે પણ ઓળખાય છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને 7 લાખ ડોલર આપવામાં આવે છે.
- ગણિત ક્ષેત્રે ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક કાર્ય માટે દર વર્ષે આ પુરસ્કાર માટે એક અથવા એકથી વધુ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતીય–અમેરિકન ગણિતશાસ્ત્રી શ્રી એસ. આર. શ્રીનિવાસ વર્ધનને પણ વર્ષ 2007માં આ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) આ પુરસ્કાર મેળવનાર શ્રી એસ. આર. શ્રીનિવાસ વર્ધન એક માત્ર ભારતીય અથવા તો ભારતીય મૂળના વ્યક્તિ છે.

## ➤ વાઈસ એડમિરલ શ્રી કરમબીર સિંઘ ભારતીય નૌકાદળના નવા વડા બનશે



<u>ભારતીય નૌકાદળ (Indian Navy)</u>ના નવા વડા તરીકે <u>વાઈસ એડમિરલ શ્રી કરમબીર સિંઘ</u>ની નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ 30 મે, 2019ના રોજ નિવૃત્ત થઈ રહેલા <u>એડમિરલ શ્રી સુનિલ લાંબાનું</u> સ્થાન લેશે.
- વાઈસ એડમિરલ શ્રી કરમબીર સિંઘ હાલ (24 માર્ચ, 2019ની સ્થિતિએ) <u>વિશાખાપટ્ટનમ</u>માં પૂર્વીય નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ–ઈન–ચીફ તરીકે સેવા આપી રહ્યા છે.
- તેઓ <u>31 મે, 2019</u>ના રોજ <u>નેવી ચીફ</u> તરીકે કાર્યભાર સંભાળશે.

### શ્રી કરમબીર સિંઘ

વાઈસ એડમિરલ શ્રી કરમબીર (અથવા તો કરમવીર) સિંઘનો જન્મ <u>પંજાબ</u>ના <u>જાલંધર</u>માં થયો હતો.

- તેઓ <u>જુલાઈ, 1980</u>માં નૌકાદળમાં જોડાયા હતા.
- 1982માં હેલિકોપ્ટરના પાયલટ બનેલા શ્રી કરમબીર સિંઘે **HAL Chetak, Kamov Ka-25** અને **Kamov Ka-28** હેલિકોપ્ટરના પાયલટ તરીકે પણ સેવા આપી છે.
- નૌકાદળને નેતૃત્વ પૂરું પાડનારા કદાચ તેઓ પ્રથમ હેલિકોપ્ટર પાઈલોટ બનશે.

**નોંધ :** વાઈસ એડમિરલ કરમબીર સિંઘને <u>પરમ વિશિષ્ટ સેવા મેડલ</u> અને <u>અતિ વિશિષ્ટ સેવા મેડલ</u>થી સન્માનિત કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ક્વાંટનો ગેરનો મેળો 2019

તાજેતરમાં ગુજરાતમાં <u>છોટા ઉદેપુર</u> જિલ્લાના <u>ક્વાંટ</u> ખાતે <u>ગેરના મેળા</u>નું આયોજન થયું હતું.

- ક્વાંટ ખાતે હોળીના તહેવાર દરમિયાન યોજાતો આ મેળો <u>વિશ્વ પ્રસિદ્ધ આદિવાસી મેળો</u> છે.
- આ મેળો <u>દર વર્ષે ધુળેટીના ત્રીજા દિવસે</u> યોજાય છે.
- આ મેળામાં આદિવાસી સમાજની સંસ્કૃતિ, પહેરવેશ, વાજિંત્રો અને ખાસ કરીને તેમના મનમોહક નૃત્યોને નિહાળવા માટે ફક્ત ભારતના જ નહિ, પરંતુ વિદેશી પર્યટકો પણ ઉમટી પડે છે.

### ICE ? Questions

**1.** સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયો દિવસ 'વિશ્વ ક્ષય (ટી.બી.) દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 22 માર્ચ (B) 23 માર્ચ (C) 24 માર્ચ (D) 25 માર્ચ — **(C)**

**2.** વર્ષ 2019ના 'વિશ્વ ક્ષય (ટી.બી.) દિવસ'ની થીમ શું છે ?
(A) Unite to End TB (B) It's time
(C) Stop TB, Use DOTS (D) I am stopping TB — **(B)**

**3.** T.B.નું પૂરું નામ શું છે ?
(A) Tuberculosis (B) Tuterculosis
(C) Turnoculosis (D) Tulerculosis — **(A)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

4. ગણિતનો એબેલ પુરસ્કાર જીતનાર વિશ્વના પ્રથમ મહિલાનું નામ શું છે ?
(A) સુશ્રી લોરેન ઉહલેનબેક (B) સુશ્રી લોરેન ઈલ્હેમબેક
(C) સુશ્રી કારેન ઉહલેનબેક (D) સુશ્રી કારેન ઈલ્હેમબેક **(C)**

5. ભારતીય નૌકાદળના નવા વડા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી દલબિર સિંઘ (B) શ્રી રણવીર સિંઘ
(C) શ્રી ધરમબિર સિંઘ (D) શ્રી કરમબીર સિંઘ **(D)**

6. ભારતીય નૌકાદળના નવા વડા તરીકે શ્રી કરમબીર સિંઘની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સંજય મહેશ્વરી (B) શ્રી સુધીર શર્મા
(C) શ્રી સુનિલ લાંબા (D) શ્રી સંદીપ શર્મા **(C)**

7. ગુજરાતમાં હોળી બાદ ગેરનો પ્રસિદ્ધ મેળો કયાં યોજાય છે ?
(A) ગોધરા, પંચમહાલ (B) રાજપીપળા, નર્મદા (C) આહવા, ડાંગ (D) ક્વાંટ, છોટા ઉદેપુર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય
ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
જનરલ બેચ
ફ્રી ટ્રાયલ લેક્ચર
04/04/19
સાંજે 7 વાગ્યે
આપની સફળતાને નિશ્ચિત કરતી
6 મહિનાની 'સ્પેશિયલ એડવાન્સ બેચ'
પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
- શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
- ગુજરાતી, ENGLISH,ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

32+
Weekly Test
MEGA TEST SERIES ON
OMR SHEET

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ
ક્લાસ 1/2
GPSC
P.I. • S.T.I. • DY.SO • DY.MAMLATDAR
ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ સાંજે 7 વાગ્યે
32 વિકલી OMR પેપર પ્રેક્ટિસ
GPSCદ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

**25 MARCH, 2019 MONDAY**

## ➤ 64મો ફિલ્મફેર એવોર્ડ 2019

તાજેતરમાં 23 માર્ચ, 2019ના રોજ મુંબઈ ખાતે જિયો સ્ટેડિયમમાં હિન્દી ફિલ્મો માટેના વર્ષ 2019ના 64મા ફિલ્મફેર એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું.

- આ સમારોહમાં સૌથી વધુ 'રાઝી' તથા 'અંધાધૂંધ' ફિલ્મોને 5-5 એવોર્ડ એનાયત થયા હતા.
- ત્યારબાદ બીજા ક્રમે 'બધાઈ હો' અને 'પદમાવત' ફિલ્મને 4-4 પુરસ્કાર એનાયત થયા હતા.
- આ ઉપરાંત આ સમારોહમાં એનાયત થયેલા મુખ્ય એવોર્ડ આ પ્રમાણે છે :




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ફિલ્મફેર એવોર્ડ 2019**

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | રાઝી |
| 2 | બેસ્ટ એક્ટર | શ્રી રણબીર કપૂર (ફિલ્મ : સંજુ) |
| 3 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી આલિયા ભટ્ટ (ફિલ્મ : રાઝી) |
| 4 | બેસ્ટ ડિરેક્ટર | સુશ્રી મેઘના ગુલઝાર (ફિલ્મ : રાઝી) |
| 5 | લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | શ્રીમતી શ્રીદેવી (મરણોપરાંત) |
| 6 | 50 યર્સ ઓફ આઉટસ્ટેન્ડિંગ કોન્ટ્રીબ્યુશન ટુ સિનેમા | શ્રીમતી હેમા માલિની |

**નોંધ :** (1) 64મા ફિલ્મફેર એવોર્ડ 2019 માટે સૌથી વધુ 'પદમાવત' ફિલ્મને 18 નોમિનેશન મળ્યા હતા. ત્યારબાદ બીજા ક્રમે 'રાઝી' ફિલ્મને 15 નોમિનેશન મળ્યા હતા.

(2) આ ફિલ્મફેર એવોર્ડમાં ક્રિટિક્સ એવોર્ડમાં 'અંધાધૂંધ' ફિલ્મને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો.

(3) ભારતમાં ફિલ્મફેર એવોર્ડનો પ્રારંભ 21 માર્ચ, 1954થી થયો હતો.

(4) ટાઈમ્સ ગ્રુપના અંગ્રેજી મેગેઝિન 'FILMFARE' દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

## ➤ World Happiness Report 2019




<u>યુનાઈટેડ નેશન્સના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN)</u> દ્વારા તાજેતરમાં વર્ષ <u>2019</u>નો <u>વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ</u> પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં કુલ <u>156</u> દેશોની યાદીમાં <u>ભારત 140મા</u> ક્રમે છે. જેમાં ભારતનો સ્કોર <u>4.015</u> છે.
- આ અગાઉ વર્ષ <u>2018</u>માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારતનો ક્રમ <u>133</u> અને એ અગાઉ <u>2017</u>માં ભારતનો ક્રમ <u>122</u>મો હતો.
- આમ, વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં ભારત છેલ્લા કેટલાક વર્ષોથી પાછળ ધકેલાઈ રહ્યું છે.
- તાજેતરમાં વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર પાકિસ્તાન, ચીન, ભૂટાન, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, મ્યાનમાર જેવા (<u>અફઘાનિસ્તાન</u> સિવાયના) ભારતના પાડોશી દેશો ભારત કરતા વધારે ખુશ છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં <u>ફિનલેન્ડ</u>ના લોકો સૌથી વધુ ખુશ છે.
- ફિનલેન્ડ બાદ ક્રમશઃ ડેન્માર્ક, નોર્વે, આઈસલેન્ડ અને નેધરલેન્ડ આ રિપોર્ટમાં <u>ટોચના પાંચ સ્થાને</u> છે.
- જ્યારે <u>સાઉથ સુદાન</u> આ રિપોર્ટમાં અંતિમ <u>156મા</u> સ્થાને છે.

**વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2019 Rank**

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | ફિનલેન્ડ | 93 | ચીન |
| 2 | ડેન્માર્ક | 95 | ભૂટાન |
| 3 | નોર્વે | 100 | નેપાળ |
| 4 | આઈસલેન્ડ | 125 | બાંગ્લાદેશ |
| 5 | નેધરલેન્ડ | 130 | શ્રીલંકા |
| 6 | સ્વિત્ઝર્લેન્ડ | 131 | મ્યાનમાર |
| 19 | અમેરિકા | 140 | ભારત |
| 67 | પાકિસ્તાન | 154 | અફઘાનિસ્તાન |
| 68 | રશિયા | 156 | સાઉથ સુદાન |

**નોંધ :** (1) આ રિપોર્ટ તૈયાર કરવા માટે માથાદીઠ આવક, સુશાસન, ભ્રષ્ટાચાર, દેશનો સોશિયલ સપોર્ટ, સ્વસ્થ રહેવાની આશા, નિર્ણયો લેવાની આઝાદી, દેશના નાગરિકોનું સરેરાશ આયુષ્ય વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(2) વિશ્વમાં હેપ્પીનેસ માપવાનો ખ્યાલ સૌપ્રથમ <u>ભૂટાન</u> દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ભૂટાનના પ્રસ્તાવથી <u>યુનાઈટેડ નેશન્સ</u> દ્વારા વર્ષ <u>2012</u>થી આ રિપોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

(3) વર્ષ <u>2012</u>ના પ્રથમ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં <u>ભારત 111મા</u> ક્રમે હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ભારતમાં માર્ચ 2019 દરમિયાન કેટલામો ફિલ્મફેર એવોર્ડ સમારોહ યોજાયો હતો ?<br>(A) 62મો (B) 63મો (C) 64મો (D) 65મો | (C) |
| 2. | 23 માર્ચ, 2019ના રોજ ભારતમાં 64મો ફિલ્મફેર એવોર્ડ સમારોહ કયાં યોજાયો હતો ?<br>(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) કોલકાતા (D) બેંગાલુરુ | (B) |
| 3. | 64મા ફિલ્મફેર એવોર્ડ 2019માં બેસ્ટ ફિલ્મનો એવોર્ડ કઈ ફિલ્મને આપવામાં આવ્યો છે ?<br>(A) પદમાવત (B) સંજુ (C) બધાઈ હો (D) રાઝી | (D) |
| 4. | 64મા ફિલ્મફેર એવોર્ડ 2019માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ કોને મળ્યો છે ?<br>(A) શ્રી રણવીર સિંહ (B) શ્રી રાજકુમાર રાવ<br>(C) શ્રી રણબીર કપૂર (D) શ્રી ટાઈગર શ્રોફ | (C) |
| 5. | 64મા ફિલ્મફેર એવોર્ડ 2019માં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ કોને મળ્યો છે ?<br>(A) સુશ્રી કૃતિ સેનન (B) સુશ્રી આલિયા ભટ્ટ<br>(C) સુશ્રી જહાન્વી કપૂર (D) સુશ્રી સોનમ કપૂર | (B) |
| 6. | 64મા ફિલ્મફેર એવોર્ડ 2019માં લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ કોને આપવામાં આવ્યો છે ?<br>(A) શ્રીમતી માલા સિંહા (B) શ્રીમતી જયા પ્રદા<br>(C) શ્રીમતી શ્રીદેવી (D) શ્રીમતી ડિમ્પલ કાપડિયા | (C) |
| 7. | વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2019માં કુલ 156 દેશોની યાદીમાં ભારત કયા ક્રમે છે ?<br>(A) 111 (B) 122 (C) 133 (D) 140 | (D) |
| 8. | વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2018માં ભારત કયા ક્રમે હતો ?<br>(A) 111 (B) 122 (C) 133 (D) 138 | (C) |
| 9. | વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2019માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?<br>(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) ડેન્માર્ક (D) નેધરલેન્ડ | (B) |
| 10. | વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2019માં અંતિમ 156મા ક્રમે કયો દેશ છે ?<br>(A) બુરુંડી (B) સાઉથ સુદાન (C) નોર્થ સુદાન (D) કોંગો | (B) |
| 11. | વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2019માં નીચેનામાંથી ભારતનો કયો પાડોશી દેશ ભારતથી પાછળ છે ?<br>(A) પાકિસ્તાન (B) અફઘાનિસ્તાન (C) શ્રીલંકા (D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**26 MARCH, 2019 TUESDAY**

## ➤ Fostering Effective Energy Transition Index 2019

તાજેતરમાં **World Economic Forum (WEF)** દ્વારા વર્ષ **2019**નો **' Fostering Effective Energy Transition Index'** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર કુલ **115** દેશોમાં **ભારત**નો ક્રમ **76મો** છે.
- આ અગાઉ વર્ષ **2018**માં આ રિપોર્ટમાં ભારત **78મા** ક્રમે હતું. તેની તુલનાએ 2019માં ભારતના સ્થાનમાં 2 રેન્કનો સુધારો થયો છે.
- વર્ષ 2019ના આ રિપોર્ટમાં **સ્વીડન** પ્રથમ ક્રમે છે.
- સ્વીડન બાદ **સ્વિત્ઝર્લેન્ડ બીજા** અને **નોર્વે** આ રિપોર્ટમાં **ત્રીજા** ક્રમે છે.
- જ્યારે **હૈતી** અંતિમ **115મા** ક્રમે છે.
- ઊર્જા સુરક્ષા અને પર્યાવરણીય સ્થિરતા અંગેના આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર **બ્રિક્સ દેશો**માં ભારત સિવાય ફક્ત **બ્રાઝિલ** જ ભારતથી આગળ **46મા** ક્રમે છે. જ્યારે **ચીન 82મા** ક્રમે છે.

**Energy Transition Index 2019 Rank**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | સ્વીડન |
| 2 | સ્વિત્ઝર્લેન્ડ |
| 3 | નોર્વે |
| 46 | બ્રાઝિલ |

| ક્રમ | દેશ |
|---|---|
| 76 | ભારત |
| 82 | ચીન |
| 115 | હૈતી |

## ➤ કવિશ્રી દુલા ભાયા કાગ લોકસાહિત્ય એવોર્ડ 2019



ગુજરાતમાં **ભાવનગર** જિલ્લાના **મહુવા** તાલુકાના **'કાગધામ'** તરીકે પ્રસિદ્ધ **મજાદર** ગામમાં દર વર્ષે **ફાગણ સુદ ચોથ**ને દિવસે કવિશ્રી દુલા ભાયા કાગની પુણ્યતિથિ નિમિત્તે **પાંચ વ્યક્તિઓઅથવા તો સંસ્થા**ને **'કવિશ્રી દુલા ભાયા કાગ લોકસાહિત્ય એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવે છે.

- આ અંતર્ગત તાજેતરમાં **પૂજ્ય સંત શ્રી મોરારી બાપુ**ના હસ્તે **'આકાશવાણી કેન્દ્ર રાજકોટ'**ને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.
- લોકસાહિત્યના જતન અને સંવર્ધન માટે અનન્ય યોગદાન માટે આકાશવાણી કેન્દ્ર રાજકોટને આ એવોર્ડ એનાયત થયો છે.

**નોંધ :** રાજકોટ આકાશવાણી કેન્દ્રની સ્થાપનામાં શ્રી દુલા ભાયા કાગ બાપુનું મહત્ત્વનું યોગદાન હતું.






## ➢ Gandhi & Health @ 150

મહાત્મા ગાંધીજીની 150મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે <u>'ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ' (ICMR)</u> દ્વારા મહાત્મા ગાંધીજીના સ્વાસ્થ્ય અંગે તાજેતરમાં <u>'Gandhi & Health @ 150'</u> નામથી તેમના જર્નલની એક વિશેષ આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- <u>'Indian Journal of Medical Research'</u>ના આ સ્પેશિયલ એડિશનનું વિમોચન <u>શ્રી દલાઈ લામા</u> દ્વારા કરવામાં આવ્યું હતું.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Gandhi and Health @ 150

**'ગાંધી એન્ડ હેલ્થ @ 150'** નામથી પ્રસિદ્ધ થયેલા આ વિશેષાંક અનુસાર ગાંધીજીના સ્વાસ્થ્ય અંગેની કેટલીક મહત્ત્વની વિગતો આ પ્રમાણે છે :

(1) ગાંધીજી રોજનું **18 કિમી** પગે ચાલતા હતા. 1913થી 1948 સુધીમાં તેમણે **79,000 કિમી**નો પગપાળા પ્રવાસ કર્યો હતો. આ અંતર પૃથ્વીની **બે વખત** પ્રદક્ષિણા કરવા જેટલું થાય છે.

(2) ગાંધીજીને **1925, 1936** અને **1944**માં એમ **ત્રણ** વખત **મેલેરિયા** થયો હતો.

(3) આ ઉપરાંત તેમને **1919**માં **પાઈલ્સ (હરસ)** અને **1924**માં **આંતરડાનું** ઓપરેશન કરાવવું પડયું હતું.

(4) **1924**માં મહાત્મા ગાંધીજીનું **આંતરડાનું (એપેન્ડિક્સનું)** ઓપરેશન **ડૉ. મૈડોકે** કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન લાઈટ જતી રહી હતી આથી ફાનસના પ્રકાશે સર્જરી કરવામાં આવી હતી.

(5) **1939**ના રેકોર્ડ પ્રમાણે ગાંધીજીનું વજન માત્ર **46.7 કિલો** અને ઊંચાઈ **5 ફૂટ 5 ઈંચ** હતી. લંબાઈના ગુણોત્તરમાં ગાંધીજીનું વજન ઓછું હતું, પરંતુ હિમોગ્લોબિન **14.96** હતું.

(6) તેમનું બ્લડ પ્રેશર હંમેશા સામાન્યથી વધારે રહેતું હતું. પરંતુ બે વખત **26 ઓક્ટોબર, 1937** અને **19 ફેબ્રુઆરી, 1940**ના રોજ તેમનું બીપી **220/110**ના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું હતું.

(7) ગાંધીજીએ 1940માં **ડૉ. સુશીલ નાયર** કે જેઓ આઝાદ ભારતના **પ્રથમ આરોગ્ય મંત્રી** બન્યા હતા તેમને પત્રમાં લખ્યું હતું કે, "મારું બ્લડ પ્રેશર સતત ઊંચું જ રહે છે તેથી હું **સર્પગંધાના ત્રણ ટીપા** લઉં છું."

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્ષ 2019 અનુસાર કુલ 115 દેશોની યાદીમાં ભારત કયા ક્રમે છે ?
(A) 74 (B) 76 (C) 78 (D) 82 **(B)**

2. WEFના વર્ષ 2019ના એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્ષમાં ભારત કયા ક્રમે હતું ?
(A) 74 (B) 76 (C) 78 (D) 82 **(C)**

3. WEF દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વર્ષ 2019ના એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્ષમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) સ્વીડન (B) નોર્વે (C) સ્વિત્ઝર્લેન્ડ (D) ડેન્માર્ક **(A)**


4. તાજેતરમાં કઈ સંસ્થાને વર્ષ 2019નો કવિશ્રી દુલા ભાયા કાગ એવોર્ડ એનાયત થયો છે ?
(A) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (B) આકાશવાણી કેન્દ્ર અમદાવાદ
(C) આકાશવાણી કેન્દ્ર સુરત (D) આકાશવાણી કેન્દ્ર રાજકોટ **(D)**

5. તાજેતરમાં મહાત્મા ગાંધીજીના સ્વાસ્થ્ય અંગે કોના દ્વારા 'Gandhi and Health @ 150' નામથી વિશેષ અંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?
(A) ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ (IMC)
(B) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)
(C) ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ ઓફ રિસર્ચ (IMCR) (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

| | | |
|---|---|---|
| 6. | ICMR દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'Gandhi and Health @ 150' નામના વિશેષાંકનું કોના દ્વારા વિમોચન થયું હતું ?<br>(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી<br>(C) શ્રી અરૂણ જેટલી (D) શ્રી દલાઈ લામા | (D) |
| 7. | ICMR દ્વારા તેમના જર્નલ 'Indian Journal of Medical Research'ની કયા નામથી મહાત્મા ગાંધીજીના સ્વાસ્થ્ય અંગે એક વિશેષ આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી છે ?<br>(A) ગાંધીજી એન્ડ હેલ્થ 150 (B) ગાંધીજી એટ 150<br>(C) ગાંધીજી એન્ડ હેલ્થ @ 150 (D) ગાંધીજી એન્ડ હેલ્થ @ 125 | (C) |



## 27 MARCH, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિન

## ➤ કઝાખસ્તાનના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી નૂરસુલ્તાન નઝરબાયેવનું રાજીનામું



**કઝાખસ્તાન**ના **પ્રથમ** રાષ્ટ્રપતિ **શ્રી નૂરસુલ્તાન નઝરબાયેવે** કઝાખસ્તાનના રાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપ્યું છે.

- તેઓ છેલ્લા 30 વર્ષથી કઝાખસ્તાનના રાષ્ટ્રપતિ પદે સેવા આપી રહ્યા હતા.
- **સોવિયત સંઘ**ના વિઘટન બાદ કઝાખસ્તાન **1991**માં સ્વતંત્ર થયું હતું.
- સ્વતંત્રતા બાદ શ્રી નૂરસુલ્તાન નઝરબાયેવ કઝાખસ્તાનના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા.
- શ્રી નૂરસુલ્તાન નઝરબાયેવના રાજીનામા બાદ કઝાખસ્તાનના **કાર્યકારી રાષ્ટ્રપતિ** તરીકે **શ્રી કાસીમ-જોમાર્ત તોકાયેવ**ની નિમણૂક કરવામાં આવી છે.

**નોંધ :** (1) કઝાખસ્તાનનું ચલણ (Currency) **'Tenge'** છે.

(2) કઝાખસ્તાનને ગુજરાતીમાં **'કઝાકિસ્તાન'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

### કઝાખસ્તાનની રાજધાનીનું નામ બદલાયું

કઝાખસ્તાનની રાજધાનીનું નામ **'અસ્તાના'** હતું.

- કઝાખસ્તાનની રાજધાનીનું આ નામ બદલીને હવે નવું નામ **'નૂરસુલ્તાન'** રાખવામાં આવ્યું છે.
- કઝાખસ્તાનના **પ્રથમ** રાષ્ટ્રપતિ **શ્રી નૂરસુલ્તાન નઝરબાયેવ**ના સન્માનમાં કઝાખસ્તાનની સંસદે આ નિર્ણય કર્યો છે.
- અસ્તાનાને આ અગાઉ **અકમોલા**, **ત્સેલિનોગ્રાડ** અને **અકમોલિન્સ્ક**ના નામથી પણ ઓળખવામાં આવતું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ શારદા પીઠ કોરિડોર ખોલવા માટે પાકિસ્તાન સહમત

ભારતના હિંદુ શ્રદ્ધાળુઓ માટે **પાકિસ્તાન**ના POK (પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર)માં આવેલા **શારદા પીઠ કોરિડોર**ને ખોલવા માટે પાકિસ્તાન સહમત થઈ ગયું છે.

- પાકિસ્તાનના **ગુરૂદ્વારા કરતારપુર સાહિબ** અને ભારતના **પંજાબ**ના ગુરદાસપુર જિલ્લાના **ડેરા બાબા નાનક** વચ્ચે કોરિડોર શરૂ કરવા માટે સહમતિ આપ્યા બાદ હવે પાકિસ્તાન ભારત માટે **શારદા પીઠ** કોરિડોર ખોલવા સહમત થયું છે.

### શારદા પીઠ

પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં આવેલું **શારદા પીઠ** હિંદુઓનું પ્રસિદ્ધ **મંદિર** છે.

- શ્રીનગરથી 130 કિમી દૂર આવેલું શારદા પીઠ દેવી સતીના **18 મહાશક્તિ પીઠોમાંનું** એક છે.
- ભારતીય હિંદુ માન્યતા અનુસાર દેવી સતીનો અહીં જમણો હાથ પડયો હોવાનું માનવામાં આવે છે.
- શારદા પીઠમાં **દેવી સરસ્વતી**ની પૂજા–અર્ચના કરવામાં આવે છે.
- ભારતમાં પ્રાચીન સમયમાં આ શારદા પીઠ વિદ્યાની સાધના માટેનું મહત્ત્વનું કેન્દ્ર હતું.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

- **ઋષિ પાણિનીએ** '**અષ્ટાધ્યાયી**' નામના તેમના પ્રસિદ્ધ ગ્રંથની રચના આ શારદા પીઠમાં જ કરી હોવાનું કહેવાય છે.
- આ મંદિરનું નિર્માણ **મહારાજા અશોક**ના સમયમાં થયું હતું.
- આ મંદિરની બાજુમાં '**માદોમતી**' નામનું એક તળાવ પણ આવેલું છે. આ તળાવના જળનું હિન્દુ શ્રદ્ધાળુઓ માટે વિશેષ મહત્ત્વ છે.
- આ મંદિરનું સૌથી છેલ્લી વખત સમારકામ **મહારાજા ગુલાબ સિંહે** ઓગણીસમી સદીમાં કરાવ્યું હતું.
- અહીં વર્ષ **2005**માં આવેલા **ભૂકંપ**માં આ મંદિરને ખાસ્સુ નુકશાન થયું હતું.

**નોંધ :** ઋષિ કશ્યપના નામથી આ મંદિરને '**કશ્યપપુર**' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, કલાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

તદ્દન સરળ સમજૂતી સાથે ઝડપી ગણિતની મેજિક ટ્રીક

ગણિત

LATEST 2019



## ➤ જેસવાડાનો પ્રસિદ્ધ ગોળ-ગધેડાનો મેળો-2019

તાજેતરમાં ગુજરાતના **દાહોદ** જિલ્લાના **ગરબાડા** તાલુકાના **જેસવાડા**માં પ્રસિદ્ધ **ગોળ-ગધેડાનો મેળો** યોજાયો હતો.

- આ મેળામાં ગામના ચોક વચ્ચે 30થી 35 ફૂટ ઊંચું લાકડું રોપીને તેની ટોચ પર ગોળની પોટલી બાંધવામાં આવે છે. આ પોટલી મેળવવા માટે યુવકો લાકડા પર ચડવાનો પ્રયાસ કરે છે અને યુવતીઓ આ યુવકોને સોટીથી માર મારે છે.
- આ દરમિયાન જે યુવક ગોળની પોટલી સુધી પહોંચી જાય તેને વિજેતા માનવામાં આવે છે.
- આ મેળામાં વિજેતા યુવકને અગાઉ તેની મનપસંદ યુવતી સાથે પરણાવવામાં આવતો હતો.
- પરંતુ શિક્ષણનો વ્યાપ વધતાં 'સ્વયંવર'ની આ પ્રથા હવે લુપ્ત થઈ ગઈ છે. અને હવે માત્ર મનોરંજન માટે જ આ પરંપરા યોજાય છે.
- આદિવાસી નૃત્યકલાને માણવા માટે આ મેળો આકર્ષણનું કેન્દ્ર બને છે.

**નોંધ :** પરંપરાગત રીતે આ મેળો દર વર્ષે **હોળી બાદ પાંચમા, સાતમા કે બારમા દિવસે** યોજાય છે.

### ICE Questions

1. 'વિશ્વ રંગભૂમિ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 માર્ચ (B) 25 માર્ચ (C) 26 માર્ચ (D) 27 માર્ચ — **(D)**

2. તાજેતરમાં શ્રી નૂરસુલ્તાન નઝરબાયેવે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે...તેઓ કયા દેશના પ્રથમ રાષ્ટ્રપતિ હતા ?
(A) કીર્ગિઝસ્તાન (B) ઉઝબેકિસ્તાન (C) તાજિકિસ્તાન (D) કઝાખસ્તાન — **(D)**

3. તાજેતરમાં કઝાખસ્તાનની રાજધાની અસ્તાનાનું નામ બદલીને નવું નામ શું રાખવામાં આવ્યું છે ?
(A) અકમોલા (B) જોર્માત (C) નૂરસુલ્તાન (D) નઝરબાયેવ — **(C)**

4. કરતારપુર કોરિડોર બાદ તાજેતરમાં પાકિસ્તાને ભારતના હિંદુ શ્રદ્ધાળુઓ માટે બીજો કયો કોરિડોર ખોલવાની સહમતી આપી છે ?
(A) નયનતારા કોરિડોર (B) સરગણા કોરિડોર
(C) શારદા પીઠ કોરિડોર (D) મહાલક્ષ્મી કોરિડોર — **(C)**

5. દર વર્ષે હોળીના તહેવાર બાદ ગુજરાતના કયા જિલ્લામાં ગોળ–ગધેડાનો પ્રસિદ્ધ મેળો ભરાય છે ?
(A) પંચમહાલ (B) છોટા ઉદેપુર (C) મહિસાગર (D) દાહોદ — **(D)**

6. દર વર્ષે હોળીના તહેવાર બાદ ગુજરાતમાં કઈ જગ્યાએ ગોળ–ગધેડાનો પ્રસિદ્ધ મેળો ભરાય છે ?
(A) લુણાવાડા (B) જામ્બુઆ (C) નેલસર (D) જેસવાડા — **(D)**

7. દર વર્ષે હોળીના તહેવાર બાદ ગુજરાતમાં દાહોદ જિલ્લાના કયા તાલુકાના જેસવાડામાં ગોળ–ગધેડાનો પ્રસિદ્ધ મેળો ભરાય છે ?
(A) દેવગઢબારિયા (B) ગરબાડા (C) લિમખેડા (D) ફતેપુરા — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**28 MARCH, 2019 THURSDAY**

## ➤ અંતરિક્ષ ક્ષેત્રે ભારતની વિશિષ્ટ સિદ્ધિ : એન્ટિ સેટેલાઈટ મિસાઈલ સિસ્ટમ વિકસાવનારો ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો

27 માર્ચ, 2019ના રોજ ભારતે Anti-Satellite (A-SAT) Missileનું સફળ પરીક્ષણ કર્યું હતું.

- આ સાથે જ એન્ટિ સેટેલાઈટ મિસાઈલ સિસ્ટમ વિકસાવનાર ભારત **રશિયા, અમેરિકા અને ચીન** બાદ વિશ્વનો **ચોથો દેશ** બની ગયો છે.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં આ માહિતી આપી હતી.

### મિશન શક્તિ

DRDO દ્વારા હાથ ધરવામાં આવેલા આ પરીક્ષણ માટેના અભિયાનને **'મિશન શક્તિ'** નામ આપવામાં આવ્યું હતું.

- આ અંતર્ગત 27 માર્ચ, 2019ના રોજ ભારતમાં **ઓડિશા**ના દરિયા કિનારે આવેલા **ડૉ. અબ્દુલ કલામ આઈલેન્ડ** (જૂનું નામ : **વ્હીલર આઈલેન્ડ**) પરથી લોન્ચ કરવામાં આવેલી **એન્ટી-સેટેલાઈટ (A-SAT) મિસાઈલ**થી પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા (Low Earth Orbit-LEO)માં આશરે **277થી 300** કિમીની ઊંચાઈએ પરિક્રમા કરી રહેલા ભારતના લાઈવ ઉપગ્રહને સફળતાપૂર્વક તોડી પાડવામાં આવ્યો હતો.
- DRDOની A-SAT મિસાઈલ દ્વારા તોડી પડાયેલો ઉપગ્રહ **'માઈક્રોસેટ-R'** હોવાનું કહેવાય છે.
- ISRO દ્વારા આ ઉપગ્રહને 24 જાન્યુઆરી, 2019ના રોજ **PSLV-C44** નામના રોકેટ દ્વારા પૃથ્વીથી 277 કિમીની ઊંચાઈએ લોન્ચ કરવામાં આવ્યો હતો.

### A-SAT શું છે ?

A-SAT એટલે કે Anti-Satellite મિસાઈલ એ એવી મિસાઈલ સિસ્ટમ છે કે જેની મદદથી અંતરિક્ષમાં પરિક્રમા કરી રહેલા સેટેલાઈટ (ઉપગ્રહ)ને તોડી શકાય છે.

- ભારત દ્વારા તાજેતરમાં DRDO દ્વારા વિકસાવવામાં આવેલ **બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ (BMD) ઈન્ટરસેપ્ટર મિસાઈલ** દ્વારા આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- બે સોલિડ રોકેટ બૂસ્ટરથી સજ્જ આ ઈન્ટરસેપ્ટર મિસાઈલ ત્રણ સ્ટેજની મિસાઈલ હતી.
- આ મિસાઈલ DRDO દ્વારા સંપૂર્ણ સ્વદેશી ટેક્નિકથી ભારતમાં જ બનાવવામાં આવી હતી.

### ભારતની વિશિષ્ટ સિદ્ધિ

આ એન્ટિ સેટેલાઈટ મિસાઈલના સફળ પરીક્ષણથી આવી સિદ્ધિ મેળવનાર રશિયા, અમેરિકા અને ચીન બાદ ભારત વિશ્વનો **ચોથો દેશ** બની ગયો છે.

- આ સિદ્ધિ મેળવવા માટે અમેરિકા, રશિયા અને ચીને એકથી વધારે પરીક્ષણો કરવા પડયા હતા.
- જ્યારે ભારતે **પ્રથમ પરીક્ષણ**માં જ આ સિદ્ધિ મેળવી છે.
- ભારત અગાઉ **ચીને 2007**માં આ સિદ્ધિ હાંસલ કરી હતી.

**નવી બેચ શરૂ**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ મિશનથી ભારતને શું લાભ થશે ?

(1) આ સિદ્ધિ હાંસલ કરીને ભારત કૂટનીતિક દષ્ટિએ **અંતરિક્ષમાં મહાશક્તિ** બની ગયો છે.

(2) આ પરીક્ષણ બાદ હવે કોઈપણ શંકાસ્પદ સેટેલાઈટ ભારતીય સરહદમાં પ્રવેશી નહીં શકે. તેનાથી દુશ્મન દેશો માટે ભારતની જાસૂસી કરવી મુશ્કેલ થશે.

(3) યુદ્ધની સ્થિતિમાં જરૂર પડયે આ ટેક્નોલોજીની મદદથી દુશ્મન દેશના કોઈપણ સેટેલાઈટને તોડી શકાય છે. આમ થવાથી દુશ્મન દેશની મિસાઈલ મૂવમેન્ટ, એરક્રાફ્ટ મૂવમેન્ટ, પરમાણુ મિસાઈલ મૂવમેન્ટ કે પછી યુદ્ધ જહાજની મૂવમેન્ટ જેવી મોટા ભાગની ગતિવિધિઓ અટકી જશે.

### DRDO

**DRDOનું** પૂરું નામ **'Defence Research and Development Organisation'** (**સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા**) છે.

- DRDO એ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારત સરકારના **સંરક્ષણ મંત્રાલય**ના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.
- તેની સ્થાપના **1958**માં થઈ હતી.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) **'બલસ્ય મૂલં વિજ્ઞાનમ્'** છે.
- DRDOના વર્તમાન (28 માર્ચ, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ **ડો. જી. સતીશ રેડ્ડી** છે.

## ➤ Langkawi International Maritime and Aerospace Exhibition (LIMA) 2019

તાજેતરમાં 26થી 30 માર્ચ, 2019 દરમિયાન **મલેશિયાના લેંગકાવી** ખાતે **LIMA 2019**નું આયોજન થયું હતું.

- મલેશિયાના લેંગકાવી ખાતે યોજાયેલા આ ઈન્ટરનેશનલ મેરિટાઈમ એન્ડ એરોસ્પેશ એક્ઝિબિશનમાં **ભારતીય નૌસેના**ના **INS Kadmatt (P29)** નામના જહાજે ભાગ લીધો હતો.
- જેમાં ભારતના **વાઈસ એડમિરલ કર્મબીર સિંહ** સહિતના નેવી ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

## ➤ લોકપાલ અધ્યક્ષ જસ્ટિસ પી. સી. ઘોષે લોકપાલ સભ્યોને પદના શપથ અપાવ્યા

27 માર્ચ, 2019ના રોજ **નવી દિલ્હી** ખાતે યોજાયેલા એક સમારોહમાં **લોકપાલ અધ્યક્ષ જસ્ટિસ પી. સી. ઘોષે** લોકપાલના **8 સભ્યો**ને તેમના પદના **શપથ** અપાવ્યા હતા.

- આ 8 સભ્યોના નામ આ પ્રમાણે છે :

(1) જસ્ટિસ દિલીપ બાબાસાહેબ ભોંસલે
(2) જસ્ટિસ પ્રદીપકુમાર મોહંતી
(3) જસ્ટિસ અભિલાષા કુમારી
(4) જસ્ટિસ અજયકુમાર ત્રિપાઠી
(5) શ્રી દિનેશકુમાર જૈન
(6) શ્રીમતી અર્ચના રામસુન્દરમ
(7) શ્રી મહેન્દ્ર સિંહ
(8) ડો. ઈન્દ્રજીત પ્રસાદ ગૌતમ

- આ અગાઉ તાજેતરમાં 23 માર્ચ, 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** જસ્ટિસ પી. સી. ઘોષને લોકપાલના અધ્યક્ષ તરીકે શપથ અપાવ્યા હતા.

**નોંધ :** (1) ભારતમાં **લોકપાલના અધ્યક્ષ**ને શપથ **રાષ્ટ્રપતિ** અપાવે છે.

(2) જ્યારે તાજેતરમાં **લોકપાલના સભ્યો**ને **લોકપાલના અધ્યક્ષ** દ્વારા શપથ અપાવવામાં આવ્યા છે.

## લોકપાલનું માળખું

ભારતમાં લોકપાલમાં **1 અધ્યક્ષ** અને વધુમાં વધુ કુલ **8 અન્ય સભ્યોની** નિમણૂક કરી શકાય છે.

- આ આઠ સભ્યોમાંથી ઓછામાં ઓછા **ચાર** સભ્યો **જ્યુડિશિયલ** (સુપ્રીમ કોર્ટના જજ અથવા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ) હોય છે.
- બાકીના ચાર નોન જ્યુડિશિયલ સભ્યો હોય છે.
- લોકપાલના કુલ સભ્યોમાંથી 1 અલ્પસંખ્યક, 1 ST, 1 SC, 1 OBC અને 1 મહિલા સભ્યનો સમાવેશ કરવામાં આવશે.

## લોકપાલનો કાર્યકાળ

લોકપાલના અધ્યક્ષ તથા તેમના સભ્યોનો કાર્યકાળ **5 વર્ષ** અથવા તો **70 વર્ષની** ઉંમર એ બંનેમાંથી પહેલા જે પૂરું થાય તે હોય છે.

## લોકપાલનો પગાર

**લોકપાલના અધ્યક્ષ**નો પગાર ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશના પગાર જેટલો જ એટલે કે **રૂ. 2, 80, 000** હોય છે.

- જ્યારે લોકપાલના અન્ય સભ્યોનો પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના પગાર જેટલો જ એટલે કે **રૂ. 2,50,000** હોય છે.

## લોકપાલની નિમણૂક

ભારતમાં લોકપાલની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા કરવામાં આવે છે.

- આ માટે **એક સિલેક્શન કમિટી** રચવામાં આવે છે. આ સિલેક્શન કમિટીની ભલામણને આધારે રાષ્ટ્રપતિ દ્વારા લોકપાલની નિમણૂક કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકપાલ સિલેક્શન કમિટીના સભ્યો

ભારતમાં લોકપાલની પસંદગી માટે સિલેક્શન કમિટીના સભ્યોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

1. ભારતના વડાપ્રધાન (અધ્યક્ષ)
2. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ
3. લોકસભાના વિરોધ પક્ષના નેતા
4. લોકસભાના અધ્યક્ષ
5. એક કાયદાશાસ્ત્રી

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયધીશ જો આ કમિટીના સભ્ય બનવા ન માંગતા હોય તો તેઓ સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશને તેના સભ્ય બનાવી શકે છે.

(2) આ કમિટીના સભ્ય તરીકે કાયદાશાસ્ત્રીની નિમણૂક અન્ય ચાર સભ્યોની ભલામણથી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 27 માર્ચ, 2019ના રોજ ભારત એન્ટિ સેટેલાઈટ મિસાઈલ સિસ્ટમ વિકસાવનાર વિશ્વનો કેટલામો દેશ બની ગયો છે ?<br>(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) છઠ્ઠો | (B) |
| 2. | એન્ટિ સેટેલાઈટ મિસાઈલ સિસ્ટમ વિકસાવનાર વિશ્વના ચાર દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?<br>(A) ભારત (B) ચીન (C) જાપાન (D) રશિયા | (C) |
| 3. | તાજેતરમાં એન્ટિ સેટેલાઈટ મિસાઈલ સિસ્ટમના પરીક્ષણ માટે ભારત દ્વારા કયું મિશન હાથ ધરવામાં આવ્યું હતું ?<br>(A) મિશન A-SAT (B) મિશન અંતરિક્ષ (C) મિશન શૌર્ય (D) મિશન શક્તિ | (D) |
| 4. | એન્ટિ સેટેલાઈટ મિસાઈલ સિસ્ટમના પરીક્ષણ માટે તાજેતરમાં ભારતની કઈ સંસ્થા દ્વારા 'મિશન શક્તિ' નામનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?<br>(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય (B) ISRO<br>(C) ગૃહ અને સંરક્ષણ મંત્રાલય (D) DRDO | (D) |
| 5. | 27 માર્ચ, 2019ના રોજ કયાંથી લોન્ચ કરવામાં આવેલી એન્ટિ સેટેલાઈટ મિસાઈલ દ્વારા ભારતે એક લાઈવ સેટેલાઈટને સફળતાપૂર્વક તોડી પાડયો હતો ?<br>(A) સતિશ ધવન સ્પેશ સેન્ટર, શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)<br>(B) સતિશ ધવન સ્પેશ સેન્ટર, શ્રી હરિકોટા (ઓડિશા)<br>(C) વ્હીલર આઈલેન્ડ (આંધ્રપ્રદેશ) (D) ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ (ઓડિશા) | (D) |
| 6. | 27 માર્ચ, 2019ના રોજ ભારતે પૃથ્વીની નીચલી ભ્રમણ કક્ષામાં કેટલા કિમી ઊંચાઈએ પરિક્રમા કરી રહેલા લાઈવ સેટેલાઈટને સફળતાપૂર્વક તોડી પાડયો હતો ?<br>(A) 277 થી 300 (A) 377 થી 400 (A) 425 થી 450 (A) 477 થી 500 | (A) |
| 7. | તાજેતરમાં મલેશિયાના લેંગકાવી ખાતે યોજાયેલા LIMA (લેંગકાવી ઈન્ટરનેશનલ મેરિટાઈમ એન્ડ એરોસ્પેશ એક્ઝિબિશન) 2019માં ભારતીય નૌકાદળના કયા જહાજે ભાગ લીધો હતો ?<br>(A) INS Arihant (S73) (B) INS Chakra (S71)<br>(C) INS Kadmatt (P29) (D) INS Kalvari (S21) | (C) |
| 8. | 27 માર્ચ, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કોના દ્વારા લોકપાલના સભ્યોને શપથ અપાવવામાં આવ્યા છે ?<br>(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી વેંકૈયા નાયડુ<br>(C) શ્રી પી. સી. ઘોષ (D) લોકપાલના સભ્યોને શપથ લેવાના હોતા નથી | (C) |
| 9. | તાજેતરમાં ભારતમાં નિમણૂક પામેલા લોકપાલના 4 જ્યુડિશિયલ સભ્યોમાં નીચેનામાંથી કયા સભ્યનો સમાવેશ થતો નથી ?<br>(A) જસ્ટિસ દિલીપ બાબાસહેબ ભોંસલે (B) જસ્ટિસ દિનેશકુમાર જૈન<br>(C) જસ્ટિસ અભિલાષા કુમારી (D) જસ્ટિસ અજયકુમાર ત્રિપાઠી | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. તાજેતરમાં ભારતમાં નિમણૂક પામેલા લોકપાલના નોન જ્યુડિશિયલ સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી પ્રદીપકુમાર મોહંતી (B) શ્રી દિનેશકુમાર જૈન
(C) શ્રી મહેન્દ્ર સિંહ (D) શ્રીમતી અર્ચના રામસુન્દરમ **(A)**

11. ભારતમાં લોકપાલના સભ્યોનો પગાર કેટલો હોય છે ?
(A) 2,80,000 (B) 2,50,000 (C) 2,40,000 (D) 2,25,000 **(B)**

12. ભારતમાં લોકપાલના અધ્યક્ષ તથા તેમના સભ્યોનો કાર્યકાળ કેટલો હોય છે ?
(A) 5 વર્ષ અથવા 60 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(B) 5 વર્ષ અથવા 65 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(C) 5 વર્ષ અથવા 70 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(D) 5 વર્ષ અથવા 75 વર્ષની ઉંમર એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત સરકારની તલાટી-મંત્રી, જુનિયર ક્લાર્ક, મુખ્ય સેવિકા, બિનસચિવાલય ક્લાર્ક, નાયબ ચીટનીશ, કમ્પાઉન્ડર, વિસ્તરણ અધિકારી, સંશોધન મદદનીશ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે...

Available at amazon




વધુ માહિતી માટે CALL 93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

**29 MARCH, 2019 FRIDAY**

## ➤ સૈન્ય અભ્યાસ 'મિત્ર શક્તિ-6'

તાજેતરમાં 26 માર્ચથી 8 એપ્રિલ, 2019 દરમિયાન ભારત અને શ્રીલંકાની સેના વચ્ચે 14 દિવસીય સંયુક્ત યુદ્ધ અભ્યાસનું આયોજન થયું છે.

- આ યુદ્ધ અભ્યાસને 'મિત્ર શક્તિ' નામ આપવામાં આવ્યું છે.
- ભારત અને શ્રીલંકા વચ્ચે યોજાયેલો આ છઠ્ઠો 'મિત્ર શક્તિ' યુદ્ધ અભ્યાસ છે.
- શ્રીલંકામાં બદૂલાના દિયાતલાવા પરેડ ગ્રાઉન્ડ ખાતે આ યુદ્ધ અભ્યાસનું આયોજન થયું છે.
- આ યુદ્ધ અભ્યાસમાં ભારત તરફથી બિહાર રેજિમેન્ટની ટુકડીએ ભાગ લીધો છે.
- આ યુદ્ધ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ વિદ્રોહી ગતિવિધિઓ તથા શહેરી–ગ્રામીણ વિસ્તારોમાં આતંકવાદી કાર્યવાહી સામે લડવા માટે સેનાને તાલીમ આપીને સજ્જ કરવાનો છે.

## ➤ Coffee e-Market Place

ભારતના વાણિજ્ય સચિવ ડૉ. અનૂપ વધાવન દ્વારા નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બ્લોકચેઈન આધારિત 'કોફી ઈ-માર્કેટ પ્લેસ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- ભારતમાં ખેડૂતોને તેમની નીપજના વ્યાજબી ભાવ મળી રહે તે માટે તેમને સીધા જ કોફીની બજારો સાથે જોડવા માટે આ પારદર્શક યોજના શરૂ કરવામાં આવી છે.
- આ યોજના ભારત ઉપરાંત કેન્યાના નૈરોબી ખાતે પણ સમાંતર રીતે શરૂ કરવામાં આવી છે.

**નોંધ :** (1) ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે કે જ્યાં કોફી છાંયડામાં ઉગાડવામાં આવે છે, તેને હાથથી તોડવામાં આવે છે અને પછી તડકામાં સૂકવવામાં આવે છે. જ્યારે બીજા દેશોમાં કોફીને સીધી જ સૂર્યના પ્રકાશમાં ઉગાડવામાં આવે છે.

(2) ભારતમાં ઉગાડવામાં આવતી કોફીની વિશ્વની સૌથી ઉત્તમ કોફીમાં ગણતરી થાય છે.

(3) ભારતમાં કોફીનું સૌથી વધુ ઉત્પાદન કર્ણાટકમાં થાય છે.

## ➤ 'Indian Fiscal Federalism' પુસ્તકનું વિમોચન

તાજેતરમાં ભારતના 15મા નાણાં પંચના અધ્યક્ષ શ્રી એન. કે. સિંઘ દ્વારા 'Indian Fiscal Federalism' નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે.

- RBIના પૂર્વ ગવર્નર અને 14મા નાણાં પંચના અધ્યક્ષ ડૉ. વાય. વી. રેડ્ડી તથા તેલંગણા સરકારના નાણાં સલાહકાર ડૉ. જી. આર. રેડ્ડી દ્વારા આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ પ્રસિદ્ધ ચિત્રકાર અને લેખક શ્રી હકુ શાહનું નિધન

તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ ચિત્રકાર **શ્રી હકુ વજુભાઈ શાહનું અમદાવાદ** ખાતે નિધન થયું છે.

- શ્રી હકુ શાહ પ્રસિદ્ધ **ચિત્રકાર** ઉપરાંત **સાંસ્કૃતિક માનવશાસ્ત્રી** તથા લોક અને આદિજાતિ કલા તેમજ સંસ્કૃતિ પર આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા **લેખક** હતા.
- આદિજાતિ અને લોકકલા અંગેના તેમના ચિત્રો ખૂબ જ પ્રસિદ્ધ હતા.
- તેમનો જન્મ 26 માર્ચ, 1934ના રોજ ગુજરાતમાં વર્તમાન **તાપી** જિલ્લાના **વાલોડ** ખાતે થયો હતો.
- તેમણે 1980માં **રાજસ્થાન**ના **ઉદયપુર**માં **'શિલ્પ ગ્રામ'**ની સ્થાપના કરી હતી.
- તેમને **પદ્મ શ્રી (1989)**, **શ્રી જવાહરલાલ નહેરુ ફેલોશિપ** તથા **કલા રત્ન પુરસ્કાર** એનાયત થયા છે.

## ➤ પ્રસિદ્ધ હિન્દી લેખિકા સુશ્રી રમણિકા ગુપ્તાનું નિધન

તાજેતરમાં પ્રસિદ્ધ **હિન્દી સાહિત્યકાર** અને **સામાજિક કાર્યકર સુશ્રી રમણિકા ગુપ્તાનું નવી દિલ્હી** ખાતે 89 વર્ષની વયે નિધન થયું છે.

- 1930માં **પંજાબ**માં જન્મેલા સુશ્રી રમણિકા ગુપ્તા **સાહિત્ય, સમાજસેવા અને રાજનીતિ** સહિત અનેક ક્ષેત્રો સાથે સંકળાયેલા હતા.
- **બિહાર વિધાનસભા અને વિધાન પરિષદ**માં તેમણે **ધારાસભ્ય** તરીકે પણ સેવા આપી હતી.
- તેમની આત્મકથા **'હાદસે' ઔર 'આપહુદરી'** ખૂબ જ લોકપ્રિય બની હતી.

ICE FOR INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં માર્ચ–એપ્રિલ 2019 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે છઠ્ઠા 'મિત્ર શક્તિ' સંયુક્ત યુદ્ધ અભ્યાસનું આયોજન થયું હતું ?<br>(A) દક્ષિણ આફ્રિકા (B) મલેશિયા (C) નેપાળ (D) શ્રીલંકા | (D) |
| 2. | તાજેતરમાં 'મિત્ર શક્તિ-6' યુદ્ધ અભ્યાસનું કયાં આયોજન થયું હતું ?<br>(A) પૂણે, ભારત (B) કોલંબો, શ્રીલંકા (C) બદૂલા, શ્રીલંકા (D) ઉદયપુર, રાજસ્થાન | (C) |
| 3. | તાજેતરમાં ભારતના વાણિજ્ય સચિવ ડો. અનુપ વધાવને કયાંથી વીડિયો કોન્ફરન્સ દ્વારા 'કોફી ઈ–માર્કેટપ્લેસ'નો પ્રારંભ કરાવ્યો છે ?<br>(A) બેંગાલુરુ (B) મૈસૂર (C) નવી દિલ્હી (D) તિરુવનંતપુરમ | (C) |
| 4. | ભારતમાં કોફીનું સૌથી વધુ ઉત્પાદન કરતા પ્રથમ ત્રણ રાજ્યો ક્રમશઃ કયા કયા છે ?<br>(A) કર્ણાટક, કેરળ, આંધ્રપ્રદેશ (B) કર્ણાટક, કેરળ, તમિલનાડુ<br>(C) કર્ણાટક, કેરળ, તેલંગણા (D) કર્ણાટક, કેરળ, ઓડિશા | (B) |
| 5. | તાજેતરમાં 'Indian Fiscal Federalism' નામના પુસ્તકનું ભારતના 15મા નાણા પંચના અધ્યક્ષ શ્રી એન. કે. સિંઘ દ્વારા વિમોચન કરવામાં આવ્યું છે...આ પુસ્તકના લેખકનું નામ શું છે ?<br>(A) ડો. વાય. વી. રેડ્ડી અને ડો. જી. આર. રેડ્ડી (B) ડો. વાય. વી. રેડ્ડી અને ડો. આર. કે. રેડ્ડી<br>(C) ડો. વાય. વી. રેડ્ડી અને ડો. આર. એસ. રેડ્ડી (D) શ્રી રઘુરામ રાજન અને ડો. વાય. વી. રેડ્ડી | (A) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6. | તાજેતરમાં પ્રસિદ્ધ ચિત્રકાર અને લેખક શ્રી હકુ શાહનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ? | | | | |
| | (A) મોરબી | (B) વ્યારા | (C) સોનગઢ | (D) વાલોડ | (D) |
| 7. | રાજસ્થાનના ઉદયપુરમાં 'શિલ્પગ્રામ'ની સ્થાપના કરનાર શ્રી હકુ શાહ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? | | | | |
| | (A) ચિત્ર | (B) માનવશાસ્ત્ર | (C) લેખન | (D) ઉપરોક્ત ત્રણેય | (D) |
| 8. | તાજેતરમાં પ્રસિદ્ધ હિન્દી લેખિકા સુશ્રી રમણિકા ગુપ્તાનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ? | | | | |
| | (A) બિહાર | (B) ઝારખંડ | (C) પંજાબ | (D) ઉત્તરપ્રદેશ | (C) |
| 9. | તાજેતરમાં પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર સુશ્રી રમણિકા ગુપ્તાનું નિધન થયું છે...તેઓ કયા રાજ્યમાંથી ધારાસભ્ય હતા ? | | | | |
| | (A) પંજાબ | (B) બિહાર | (C) ઝારખંડ | (D) ઉત્તરપ્રદેશ | (B) |

## 30 MARCH, 2019 SATURDAY

### ➤ દિવસ મહિમા : 30 માર્ચ, અર્થ અવર 2019

30 માર્ચ, 2019ના રોજ સમગ્ર વિશ્વમાં 'અર્થ અવર'ની ઉજવણી કરવામાં આવશે.

- આ અંતર્ગત વિશ્વના અનેક દેશોમાં 30 માર્ચ, 2019ના રોજ રાત્રે 8 : 30 થી 9 : 30 દરમિયાન 1 કલાક બિનજરૂરી વીજ ઉપકરણો બંધ રાખવામાં આવશે.
- વિશ્વમાં ક્લાયમેટ ચેન્જ અંગે જાગૃતિ લાવવા માટે તથા પર્યાવરણની સુરક્ષા માટે World Wide Fund For Nature દ્વારા વર્ષ 2007થી 'અર્થ અવર'ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- સામાન્ય રીતે માર્ચ મહિનાના છેલ્લા શનિવારે 'અર્થ અવર'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ Global Multidimensional Poverty Index 2018

તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) અને ઓક્સફર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ દ્વારા 'Global Multidimensional Poverty Index 2018' (વૈશ્વિક બહુપરિમાણીય ગરીબી સૂચકાંક 2018) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્ષ અનુસાર ભારતમાં છેલ્લા 10 વર્ષમાં ગરીબી દર 55 ટકાથી ઘટીને 28 ટકા થઈ ગયો છે.
- વર્ષ 2005-06 દરમિયાન ભારતમાં ગરીબોની સંખ્યા આશરે 63.5 કરોડ હતી. જે ઘટીને વર્ષ 2015-16માં 36.4 કરોડ થઈ ગઈ છે.
- ભારતમાં વર્ષ 2005-06થી 2015-16 દરમિયાન આશરે 27.1 કરોડ લોકો ગરીબીમાંથી મુક્ત થયા છે.
- આ ઈન્ડેક્ષ અનુસાર 2015-16 દરમિયાન ભારતમાં ગરીબીનું સૌથી વધુ પ્રમાણ બિહારમાં હતું.
- ભારતના ચાર સૌથી વધુ ગરીબ રાજ્યો બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં ગરીબોની સંખ્યા 19.6 કરોડ છે.
- ભારતમાં વર્ષ 2005-06માં કેરળમાં સૌથી ઓછા ગરીબ લોકો હતા.

## ➤ Global Energy and CO2 Status Report 2018

International Energy Agency (IEA) દ્વારા તાજેતરમાં Global Energy and CO2 Status Report 2018 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં ભારતમાં 105 મેટ્રિક ટન કાર્બનનું ઉત્સર્જન થયું હતું.
- આ ઉપરાંત આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક અર્થવ્યવસ્થામાં થઈ રહેલા ઝડપી વિકાસને કારણે વર્ષ 2018માં વૈશ્વિક ઊર્જાની માંગમાં 2.3 ટકાનો વધારો થયો છે.
- વૈશ્વિક ઊર્જાની કુલ માંગની વૃદ્ધિમાં 70 ટકા યોગદાન ભારત અને ચીનનું છે.
- ઊર્જાના વપરાશમાં થયેલા આ વધારાને કારણે વર્ષ 2018માં કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ પણ 1.7 ટકા વધીને 33.1 ગીગા ટન થઈ ગયું છે.

## ➤ ભારતમાં ડિજિટલ પેમેન્ટ પ્રોત્સાહન આપવા શ્રી નંદન નિલેકણી સમિતિની રચના



રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા તાજેતરમાં ભારતમાં ડિજિટલ પેમેન્ટમાં વૃદ્ધિ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે.

- 5 સભ્યોની બનેલી આ સમિતિના અધ્યક્ષ શ્રી નંદન નીલેકણી છે.
- શ્રી નંદન નીલેકણી ઈન્ફોસીસના સહ–સ્થાપક અને તેના નોન એકઝીક્યુટીવ ચેરમેન છે.

ICE INSTITUTE FOR COMP

### RBI

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)એ ભારતની સેન્ટ્રલ બેન્ક છે.

- તે ભારતની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- તેને 'બેન્કોની બેન્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતીય રૂપિયાને જારી કરે છે અને તેના પુરવઠાને નિયંત્રિત કરે છે.
- રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એક્ટ 1934 અંતર્ગત 1 એપ્રિલ, 1935ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- આઝાદી બાદ 1 જાન્યુઆરી, 1949ના રોજ તેને રાષ્ટ્રીયકૃત (Nationalised) કરવામાં આવી હતી. એ અગાઉ તે એક ખાનગી બેન્ક હતી.

## ICE Questions

1. વર્ષ 2019 દરમિયાન કયા દિવસે 'અર્થ અવર'ની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 28 માર્ચ (B) 29 માર્ચ (C) 30 માર્ચ (D) 31 માર્ચ **(C)**

2. 'અર્થ અવર'ની ઉજવણી અંતર્ગત સમગ્ર વિશ્વમાં કયા સમયગાળા દરમિયાન 1 કલાક બિનજરૂરી વીજ ઉપકરણો બંધ રાખવામાં આવે છે ?
(A) રાત્રે 8 : 00 થી 9 : 00 (B) રાત્રે 9 : 00 થી 10 : 00
(C) રાત્રે 8 : 30 થી 9 : 30 (D) રાત્રે 9 : 30 થી 10 : 30 **(C)**

3. UNDP દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા ગ્લોબલ મલ્ટીડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્ષ 2018 અનુસાર છેલ્લા 10 વર્ષમાં ભારતમાં ગરીબીનું પ્રમાણ 55 ટકાથી ઘટીને કેટલા ટકા થઈ ગયું છે ?
(A) 35 ટકા (B) 30 ટકા (C) 28 ટકા (D) 25 ટકા **(C)**

4. UNDP દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા વૈશ્વિક ગરીબી સૂચકાંક 2018 અનુસાર વર્ષ 2015-16 દરમિયાન ભારતના કયા રાજ્યમાં ગરીબીનું પ્રમાણ સૌથી વધુ હતું ?
(A) ઉત્તરપ્રદેશ (B) ઝારખંડ (C) મધ્યપ્રદેશ (D) બિહાર **(D)**

5. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ એનર્જી એન્ડ CO2 સ્ટેટસ રિપોર્ટ 2018 અનુસાર વર્ષ 2018માં ભારતમાં કાર્બનનું ઉત્સર્જન કેટલા મેટ્રિક ટન થયું હતું ?
(A) 95 (B) 105 (C) 115 (D) 120 **(B)**

6. IEA દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ એનર્જી એન્ડ CO2 સ્ટેટસ રિપોર્ટ 2018 અનુસાર વર્ષ 2018માં સમગ્ર વિશ્વમાં વૈશ્વિક ઊર્જા માંગમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 1.7 ટકા (B) 2.3 ટકા (C) 2.7 ટકા (D) 3.3 ટકા **(B)**

7. IEA દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્લોબલ એનર્જી એન્ડ CO2 સ્ટેટસ રિપોર્ટ 2018 અનુસાર વર્ષ 2018માં કાર્બન ઉત્સર્જનના પ્રમાણમાં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 1.7 ટકા (B) 2.3 ટકા (C) 2.7 ટકા (D) 3.3 ટકા **(A)**

8. ભારતમાં ડિજિટલ પેમેન્ટમાં વૃદ્ધિ કરવા માટે RBI દ્વારા તાજેતરમાં કોની અધ્યક્ષતામાં 5 સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી છે ?
(A) શ્રી નંદન નિલેકણી (B) શ્રી રઘુરામ રાજન (C) શ્રી ઉર્વિશ પટેલ (D) શ્રી પી. ચિદમ્બરમ્ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ વિપ્રોના ચેરમેન શ્રી અઝીમ પ્રેમજીની રૂ. 52,750 કરોડના દાનની જાહેરાત

ભારતની ચોથી સૌથી મોટી સોફ્ટવેર પ્રોવાઈડર કંપની વિપ્રોના ચેરમેન શ્રી અઝીમ પ્રેમજીએ પોતાના આશરે રૂ. 52,750 કરોડની કિંમતના 34 ટકા શેર શ્રી અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનને દાન કરવાની જાહેરાત કરી છે. શ્રી અઝીમ પ્રેમજીનો જન્મ 24 જુલાઈ 1945ના રોજ મુંબઈ ખાતે થયો હતો.

### ➤ ભારતમાં 1000 લોકોમાંથી 631 મતદારો

ભારત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ વર્ષ 2019ની મતદાર યાદી અનુસાર ભારતમાં દર 1 હજાર લોકોએ સરેરાશ મતદારોની સંખ્યા 631 છે. જ્યારે પ્રત્યેક હજાર પુરુષ મતદારોની તુલનાએ સ્ત્રી મતદારોની સંખ્યા 958 છે.

### ➤ નીરવ મોદીની લંડનમાં ધરપકડ

આશરે રૂ. 13,500 કરોડના પંજાબ નેશનલ બેંક કૌભાંડના મુખ્ય આરોપી નીરવ દીપક મોદીની ઈંગ્લેન્ડના લંડનના હોલબોર્નમાંથી ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ બાદ તેમને વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

### ➤ CH-47F(I) Chinook helicopter ભારતીય વાયુસેનામાં શામેલ

તાજેતરમાં ભારતમાં ચંદીગઢ વાયુસેના સ્ટેશન પરથી 4 CH-47F(I) ચિનૂક હેલિકોપ્ટર ભારતીય વાયુસેનામાં શામેલ કરવામાં આવ્યા છે. અમેરિકાની બોઈંગ નામની કંપની પાસેથી ખરીદવામાં આવેલા આ હેલિકોપ્ટર 280 કિમીની ઝડપે આશરે 20,000 ફૂટની ઊંચાઈ સુધી ઉડવા સક્ષમ છે.

### ➤ શ્રી નરેશ ગોયલનું જેટ એરવેઝના ચેરમેન પદેથી રાજીનામું

ભારતની ઈન્ટરનેશનલ એરલાઈન જેટ એરવેઝના સ્થાપક શ્રી નરેશ ગોયલે જેટ એરવેઝના ચેરમેન પદેથી રાજીનામું આપ્યું છે. જેટ એરવેઝ છેલ્લા કેટલાક સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહી છે. હવે બેન્કોનું કોન્સોર્ટિયમ તાત્કાલિક રૂ. 1,500 કરોડ આપીને જેટ એરવેઝને ઉગારવાનો પ્રયાસ કરશે. બેન્કોએ શ્રી નરેશ ગોયલ બોર્ડમાંથી હટે તો મદદ કરવાની શરત મૂકી હતી. જેટ એરવેઝની સ્થાપના 1992-93માં થઈ હતી. તેનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ મોઝામ્બિકમાં રાહત સામગ્રી પહોંચાડવા 'INS Magar' રવાના

તાજેતરમાં **મોઝામ્બિક**માં ત્રાટકેલા **'ઈદાઈ'** નામના **ચક્રવાત**થી પ્રભાવિત વિસ્તારોમાં રાહત સામગ્રી પહોંચાડવા માટે **મુંબઈ**થી ભારતીય નૌકાદળનું **'INS Magar'** નામનું જહાજ 28 માર્ચ, 2019ના રોજ રવાના થયું હતું. જે મોઝામ્બિકના **બીરા** નામના બંદરે ઉતરશે. મોઝામ્બિકમાં સહાયતા માટે આ અગાઉ ભારતના **INS સુજાતા**, **શાર્દુલ** અને **સારથી** નામના ત્રણ જહાજો સૌપ્રથમ પહોંચી ગયા હતા. આ ત્રણ જહાજો ઉપરાંત હવે **'INS Magar'** નામનું **ચોથું જહાજ** ત્યાં મોકલવામાં આવ્યું છે.

# વિશ્વ

## ➤ અફઘાનિસ્તાન ટેસ્ટ મેચ જીતનારો વિશ્વનો અગિયારમો દેશ બન્યો

તાજેતરમાં **અફઘાનિસ્તાન અને આયર્લેન્ડ** વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચમાં અફઘાનિસ્તાને આયર્લેન્ડને 7 વિકેટે પરાજય આપ્યો છે. આ સાથે જ **અફઘાનિસ્તાન** આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ જીતનારો **વિશ્વનો અગિયારમો દેશ** બની ગયો છે. અફઘાનિસ્તાનની આ માત્ર બીજી જ ટેસ્ટ હતી. પોતાની બીજી જ ટેસ્ટમાં વિજય મેળવનાર અફઘાનિસ્તાન વિશ્વની ત્રીજી ટીમ બની ગઈ છે.

## ➤ નેપ્ચ્યુનનો નવો 14મો ઉપગ્રહ મળ્યો

આપણી સૂર્યમાળાના આઠમા ગ્રહ **નેપ્ચ્યુન**નો નવો નાનકડો **14મો ઉપગ્રહ** મળી આવ્યો છે. આ નવા ઉપગ્રહને **'હિપ્પોકેમ'** નામ આપવામાં આવ્યું છે. ગુજરાતી વૈજ્ઞાનિક **ડો. જે. જે. રાવલે** 1989માં લખેલા રિસર્ચ પેપરમાં નેપ્ચ્યુનના આ ઉપગ્રહનો ઉલ્લેખ કર્યો હતો. જેને હવે 40 વર્ષ બાદ નાસાના **હબલ ટેલિસ્કોપ**ના ડેટાને આધારે શોધવામાં આવ્યો છે.

## ➤ અમેરિકા દ્વારા વિશ્વનું સૌથી ઝડપી સુપર કોમ્પ્યુટર બનાવવાનો નિર્ણય

અમેરિકા દ્વારા વર્ષ 2021 સુધીમાં **વિશ્વનું સૌથી ઝડપી સુપર કોમ્પ્યુટર** બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુપર કોમ્પ્યુટરને **'Aurora' (ઓરોરા)** નામ આપવામાં આવ્યું છે. આ વિશ્વનું પ્રથમ સુપર કોમ્પ્યુટર હશે કે જે **એક્ઝાસ્કેલ** એટલે કે **પ્રતિ સેકંડ એક બિલિયન બિલિયન** ગણતરી કરી શકતું હશે. સુપર કોમ્પ્યુટર જે માનક (Standard)ના હિસાબે ગણતરી કરે છે તેને **ટેરાફ્લોપ્સ**, **પેટાફ્લોપ્સ** અને **એક્ઝાફ્લોપ્સ** તરીકે ઓળખવામાં આવે છે. તેમાં **એક્ઝાફ્લોપ્સ**ની ઝડપ સૌથી વધુ હોય છે.

## ➤ દુબઈમાં વિશ્વના સૌથી મોટા ઈ-વેસ્ટ રિસાઈક્લીંગ પ્લાન્ટનો પ્રારંભ

તાજેતરમાં યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના **દુબઈ** ખાતે ઈલેક્ટ્રોનિક કચરા (ઈ–વેસ્ટ)નું રિસાઈક્લીંગ કરતો **વિશ્વનો સૌથી મોટો** પ્લાન્ટ શરૂ થઈ ચૂકયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

- તાજેતરમાં ભારતના કયા ઉદ્યોગપતિએ આશરે રૂ. 52,750 કરોડની કિંમતના પોતાના 34 ટકા શેર દાનમાં આપવાની જાહેરાત કરી છે ? – શ્રી અઝીમ પ્રેમજી
- ભારત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ વર્ષ 2019ની મતદાર યાદી અનુસાર ભારતમાં દર 1 હજાર લોકોએ સરેરાશ મતદારોની સંખ્યા કેટલી છે ? – 631
- તાજેતરમાં પંજાબ નેશનલ બેંક કૌભાંડના મુખ્ય આરોપી નીરવ મોદીની કયા શહેરમાંથી ધરપકડ કરવામાં આવી હતી ? –લંડન
- તાજેતરમાં ભારતના કયા વાયુસેના સ્ટેશન પરથી 4 CH-47F(I) ચિનૂક હેલિકોપ્ટર ભારતીય વાયુસેનામાં શામેલ કરવામાં આવ્યા છે ? – ચંદીગઢ
- તાજેતરમાં જેટ એરવેઝના ચેરમેન પદેથી રાજીનામું આપનાર જેટ એરવેઝના સ્થાપકનું નામ શું છે ? – શ્રી નરેશ ગોયલ
- 'ઈદાઈ' ચક્રવાતથી પ્રભાવિત મોઝામ્બિકમાં સહાયતા માટે INS સુજાતા, શાર્દુલ અને સારથી બાદ ભારતનું કયું ચોથું જહાજ રાહત સામગ્રી પહોંચાડવા માટે મોકલવામાં આવ્યું છે ? – INS મગર
- તાજેતરમાં આયર્લેન્ડને પરાજય આપીને કયો દેશ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચ જીતનારો વિશ્વનો અગિયારમો દેશ બની ગયો છે ? – અફઘાનિસ્તાન
- તાજેતરમાં નાસાના હબલ ટેલિસ્કોપ દ્વારા કયા ગ્રહનો 14મો ઉપગ્રહ શોધી કાઢવામાં આવ્યો છે ? – નેપ્ચ્યુન
- તાજેતરમાં નવા શોધાયેલા નેપ્ચ્યુનના 14 ઉપગ્રહને શું નામ આપવામાં આવ્યું છે ? – હિપ્પોકેમ
- તાજેતરમાં અમેરિકા દ્વારા વર્ષ 2021 સુધીમાં વિશ્વનું સૌથી ઝડપી સુપર કોમ્પ્યુટર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે...આ સુપર કોમ્પ્યુટરને શું નામ આપવામાં આવ્યું છે ? – Aurora (ઓરોરા)
- તાજેતરમાં વિશ્વના સૌથી મોટા ઈ–વેસ્ટ રિસાઈકિંલગ પ્લાન્ટનો કઈ જગ્યાએ પ્રારંભ થયો છે ? – દુબઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.